## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તમે સુલભ શૌચાલય યોજનાનું નામ ફર્લભ શૌચાલય કરી નાખવા માંગો છો કે શું... ?? આટલા બધાં ગોટાળા...!!

# સે. ૫ વસાહત મંડળની જનરલ બેઠકમાં પડતર પ્રશ્નો અંગે ઉગ્ર રોષ દેખાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૫ વસાહત મંડળની જનરલ બેઠક તા. ૨૭મી માર્ચના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં વોર્ડ નં. ૭ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વોર્ડના વસાહતી અગ્રણીઓ દ્વારા વોર્ડના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવી હતી અને જો સત્વરે તેમના પ્રશ્નો નહી ઉકેલાય તો ધરણાં, પ્રતિક ઉપવાસ જેવા ઉગ્ર આંદોલન ઉપરાંત ૨૦૧૭ની ચૂંટણીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવા સુધીની ચિમકી ઉચ્ચારી હતી.

સે. ૫ વસાહત મંડળની જનરલ બેઠકમાં સરકારી દવાખાનું ચાલુ કરવુ, પાણીની નવી પાઈપલાઈન બદલવી, પાણીનો ફોર્સ વધારવો, બંધ સ્ટ્રીટલાઈટો ચાલુ કરાવવી, સાફ-સફાઈ, ધાર્મિક દબાણો હટાવવા, ઝુંપડપટ્ટીઓ હટાવવી, શાળા બનાવવી, આંતરિક માર્ગો પર બમ્પ બનાવવા, રંગમંચ-લગ્નવાડી બનાવવી, રમતગમતના સાધનો વધારવા, રખડતા ઢોરનો ત્રાસ દૂર કરવો, સિનિયર સિટીઝનો માટે બગીચામાં શેડ સહિતની બેઠક વ્યવસ્થા કરવી, માઈક્રો શોપીંગ બનાવવુ તથા રહેણાંક વિસ્તારમાં ચાલતા ટ્યુશન ક્લાસિસ અને હોસ્ટેલો બંધ કરાવવા જેવા અનેક પ્રશ્નો ઉઠાવાયા હતા. આ પ્રશ્નો સત્વરે નહી ઉકેલાય તો ઉગ્ર આંદોલન કરવાની પણ વસાહતીઓએ તૈયારી દર્શાવી હતી. બેઠકમાં વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહે સરકારમાં યોગ્ય રજૂઆતની ખાતરી આપી હતી.



ગાંધીનગર શહેરના સુપ્રસિધ્ધ જલારામ ધામ ખાતે આજે દરીયાલાલ જન્મજયંતિ પ્રસંગે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જલારામ મંદિર સે-૨૯ ખાતે સવારે ૮.૩૦ કલાકે હવનનો પ્રારંભ કરાયો હતો. જેમાં મોટીસંખ્યામાં ભાવિ ભકતો હાજર રહ્યા હતા.જયારે બપોરે ૧૨.૩૦ કલાકે શ્રીફળ હોમાયા બાદ ભકતોએ મોટીસંખ્યામાં મહાપ્રસાદનો લાભ લીધો હતો.



સેક્ટર-૩૦ શ્રી ઝૂલેલાલ - સાંઈબાબા મંદિર ખાતે બુધવારે ચેટીચંડની ભાવભક્તિપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ હતી. ઝૂલેલાલના પૂજ બહેરાણા સાહેબની જ્યોત પ્રગટાવાઈ હતી અને ધજા ચડાવાઈ હતી.

# અમદાવાદથી વાયા ગાંધીનગર નાથદ્વારા અને જયપુર રૂટ માટે વોલ્વો બસ સેવા શરૂ

ગાંધીનગર એસ ટી ડેપોથી સવારે અને સાંજના ૭ કલાકે શરૂ થયેલી એસ ટી ની વોલ્વો બસને મુસાફરોનો ઉત્તમ પ્રતિસાદ મળી રહયો છે. અમદાવાદથી નાથદ્વારા અને જયપુર રૂટની વોલ્વો બસ વાયા ગાંધીનગર ડેપો થઈને દોડાવામાં આવી રહી છે. જયારે ગાંધીનગરથી નાથદ્વારા તેમજ જયપુર સહીતના સ્થળે જવા માટે વોલ્વો બસસેવા મળી રહેતા હાલ વેકેશનના સમયગાળામાં ઓનલાઈન બુકીંગ પણ વિશેષ પ્રમાણમાં મળી રહેતુ હોવાનુ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી શહેરી બસ સેવાને અનુલક્ષી નગરના વિવિધ રૂટોને ધ્યાને લઈ સેકટરોની બસસેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. છતા સેકટરોમાંથી સમયસર અને નિયમિત બસ ન મળતી હોવાનો આક્રોશ મુસાફરોમાં પ્રબળ બન્યો છે. જોકે આ માટે ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ પણ જવાબદાર હોવાનુ મનાય છે. ગાંધીનગર ડેપોમાંથી બહારના વિસ્તારોમાં જવા માટે પણ વિવિધ રૂટોની બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે પણ અમદાવાદથી જતી બસોને વાયા ગાંધીનગર કરવામાં આવી છે. નગરના એસ ટી ડેપોમાંથી જુનાગઢ તેમજ સોમનાથ સહીતના ધાર્મિક સ્થાનો માટે પણ બસ મળી રહે છે. છેલ્લા બે સપ્તાહથી જયપુર અને નાથદ્વારા જવા માટે પણ વોલ્વો બસ સેવા શરૂ કરી દેવાઈ છે. જો કે અમદાવાદથી દોડતી આ બસને વાયા ગાંધીનગર થઈને દોડવાય છે. એસ ટી ડેપોમાંથી સવારે ૭ કલાકે નાથદ્વારા તેમજ સાંજે ૭ કલાકે જયપુર રૂટની બસ મળે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. અમદાવાદથી ઉપડતી વોલ્વો બસ સેવાનો લાભ લેવા માટે ગાંધીનગરના મુસાફરોનો પણ ટ્રાફિક રહે છે. વેકેશનની સિઝન શરૂ થતા આ બસ સેવા માટે વિશેષ કરીને ઓનલાઈન બુકીંગ પણ પ્રમાણમાં વધુ મળતુ હોવાનુ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

## ગુજરાત વણકર સેવા સમાજના જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૩મી એપ્રિલ રવિવારે બપોરે ૨ કલાકે અમદાવાદના સરસપુર ખાતેના ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે ૨૧મા જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ જીવનસાથી પસંદગી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા ગાંધીનગરના લગ્નોત્સુક યુવક-યુવતિઓએ વણકર સમાજના પ્રતિનિધિ ડી.એમ. પરમારનો સેક્ટર-૭-બીમાં પ્લોટ નં. ૫૪૦/૨, ઉદયભાઈ આડેવાડિયાનો કલોલમાં કલ્યાણ બેંક સામે પૂર્વ વિભાગમાં પ્લોટ નં. ૧૭૧/એ, કાન્તાબેન ડોડિયાનો સેક્ટર-૨૭માં ગાયત્રીનગર ખાતે પ્લોટ નં. ૪૪૭ અથવા ચંપાબેન વાઘેલાનો સેક્ટર-૨-સીમાં પ્લોટ નં. ૭૯૫/૧ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. સંમેલનમાં ભાગ લેવા માટે સંસ્થાના નિયત નમૂનાના ફોર્મમાં વિગતો ભરી તા. ૧લી એપ્રિલ સુધીમાં રજૂ કરવા જણાવાયું છે.



## ચિલોડા તળાવ કાળઝાળ ગરમીમાં નયનરમ્ય ફૂલોના દશ્યથી ખીલુ ઉઠ્યું

ધગધગતા ઉનાળામાં ગરમી તેની પારાકાષ્ઠા તરફ ધકેલાઈ રહી છે. ત્યારે ચિલોડા ગામના પાદરે આવેલા વિશાળ તળાવમાં ભરચક પાણીમાં લીલીછમ વેલથી નયનરમ્ય દશ્ય લોકોની આંખોને ઠંડક પહોંચાડી રહ્યુ છે. આ ભરપૂર પાણી અને લીલીછમ વેલથી ચાદર ઉપર રમણીય સુંદર સફેદ ફૂલ ઉગી નીકળતા એક અદભૂત અને આકર્ષક નજારો ઉભો થયો છે. સમસ્ત તળાવના પાણીની સપાટી ઉપર સફેદ ફૂલોએ કબજો જમાવી દેતા ગરમીથી ત્રસ્ત લોકો બે ઘડી આંખોને ઠંડક મળે તે હેતુથી રોકાઈ જાય છે. કુદરતના આ અદભૂત કરિશ્માને નીહાળવા લોકો સમી સાંજે ઉમટી પડી યુવાનો ડિઝિટલ મોબાઈલમાં દશ્યો કેદ કરતા નજરે પડે છે. આ કુદરતી કરિશ્માને માણી ખુશખુશાલ બન્યા છે. પરંતુ તળાવના કાંઠે વસતા રહીશો માટે મચ્છરોનું આશ્રયસ્થાન બનતા ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

# જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક ૩૧મી માર્ચે

ગુજરાત કહે છે... 'કોંગ્રેસ આવે છે'ના ધ્યેયને બુલંદ બનાવી એક જ લક્ષ્ય-૧૭ નવ સર્જન ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા ગમે તે ઘડીએ આવી પડનારી ગુજરાત વિધાન સભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા કાર્યકરોમાં નવું જોમ અને જુસ્સો પુરો પાડવા માટે તા. ૩૧મી માર્ચ શુક્રવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે રામદેવ મંદિર હોલ, બસ સ્ટેન્ડ પાસે, પેથાપુર ખાતે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે તેમજ પ્રદેશઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ, પ્રદેશ ઉપપ્રમુખ અને વરિષ્ઠ આગેવાન બાલુભાઈ પટેલ, નિરીક્ષકો સર્વ બળવંતસિંહ રાજપૂત, રમેશભાઈ દેસાઈ, જયપ્રકાશ ઠાકર, વિધાનસભા નિરીક્ષકો સર્વ જે.એમ. ત્રિવેદી, અરૂણભાઈ પટેલ, અરવિંદસિંહ ચૌહાણ, મનિષભાઈ મકવાણાની વિશેષ ઉપસ્થિતીમાં યોજાનાર છે. જેમાં જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, જિ.પ. પ્રમુખ રામાજી ઠાકોર, જશુભા રાણા, નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોર, હરીભાઈ ચૌધરી, જુગાજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, ડૉ. કૌશિક શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર-તાલુકા-જિલ્લા કોંગ્રેસના પદાધીકારીઓ, ચૂંટાયેલા સદસ્યો, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-સેલ-ડિપાર્ટમેન્ટના પદાધીકારીઓ ઉપસ્થિત રહેશે.

